# ગુણોત્સવ ૨.૦માં જિલ્લો રાજ્યમાં પાંચમા સ્થાને

## જિલ્લાની ૮૬ શાળાઓ ગ્રીન ઝોનમાં : શહેરની બે શાળાઓ રેડ ઝોનમાં આવી : જિલ્લાનું પરિણામ ૬૪.૭૯ ટકા

ગાંધીનગર, તા. ૩

ગુણોત્સવ ૨.૦ના જાહેર થયેલા પરિણામોમાં ગાંધીનગર જિલ્લો રાજ્યમાં પાંચમા ક્રમે આવ્યો છે. અગાઉના ગુણોત્સવના પરિણામો કરતાં જિલ્લાના પરિણામમાં નોંધપાત્ર સુધારો જણાયો છે જેને પગલે જિલ્લાના શિક્ષણજગતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લાનું પરિણામ રાજ્યના સરેરાશ પરિણામ કરતાં પણ ઊંચુ આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૮૬ શાળાઓ ગ્રીન જોનમાં આવી છે. ૪૮૭ શાળા યલો ઝોનમાં, ૪૪ શાળાઓ રેડ ઝોનમાં અને બે શાળાઓ બ્લેક ઝોનમાં આવી છે. જિલ્લાનું પરિણામ ૬૪.૭૦ ટકા આવ્યુ છે.

જિલ્લાને રાજ્યની સાપેક્ષમાં અધ્યયન અને અધ્યાયન, શાળા, સહ-શૈક્ષણિક પ્રવૃત્તિ, સંશાધનો અને તેના ઉપયોગમાં રાજ્યની સરેરાશ કરતાં વધુ ગુણાંક પ્રાપ્ત થયાં છે.

જિલ્લાની દસ શાળાઓ ગ્રીન-૨ અને ગ્રીન-૩ કેટેગરીમાં આવી છે. જેમાં પાંચ શાળા દહેગામ તાલુકાની છે બે શાળા કલોલ તાલુકાની છે અને ૩ શાળા માણસા તાલુકાની છે.

ગાંધીનગર શહેરની સે. ૨૧ અને સે. ૨૮ની પ્રા. શાળા રેડ ઝોનમાં આવી છે.

તાલુકાવાર પરિણામ જોઈએ તો માણસા તાલુકાનું પરિણામ ૭૦.૫૮ ટકા એકંદર ગુણાંક સ્થાને પ્રથમ સ્થાને છે. કલોલ ૬૫.૬૩ ટકા ગુણાંક સાથે દ્વિતીય સ્થાને દહેગામ તાલુકો ૬૪.૧૮ ટકા ગુણાંક સાથે તૃતિય સ્થાને અને ગાંધીનગર તાલુકો ૬૧.૫૯ ટકા સાથે ચોથા સ્થાને છે.

ગાંધીનગર તાલુકો શાળા સંકુલ બને તેમજ સંશાધનો અને તેના ઉપયોગમાં ત્રીજા સ્થાને જિલ્લામાં છે જ્યારે સહ-શૈક્ષણિક પ્રવૃત્તિમાં તે બીજા સ્થાને છે. તાલુકાના પરિણામો વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ જિલ્લાએ એકંદર ગુણાંક ૬૪.૭૨ ટકા મેળવ્યા છે. જેમાં અધ્યયન અને અધ્યાયન ક્ષેત્રે ૬૪.૦૬ ટકા, શાળાના ૬૯.૯૦ ટકા, સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ૫૩.૨૯ ટકા અને સંશાધનો અને તેના ઉપયોગમાં ૬૬.૮૭ ટકા ગુણાંકન પ્રાપ્ત કર્યા છે.

જીએસકયુએનો હેતુ વિશ્વની શ્રેષ્ઠ એડેડિટેશન પ્રણાલીઓ અને સ્થાનિક પરિપ્રેક્ષ્યનો ઉચિત સમન્વય કરી ગુણોત્સવ ૨.૦ દ્વારા વૈજ્ઞાનિક ઢબે રાજ્યની શાળાઓનું આત્મલક્ષી એડેડીટેશન કરવાનો છે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

# સેક્ટર-૨૯માં વાનર ગેંગનો ભારે આતંક

## બે વ્યકિતને બચકાં ભરી લોહીથી લથબથ કર્યા

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના સેકટરોમાં રખડતા ઢોર અને કુતરા સહીત હવે તોફાને ચઢતી વાનર ગેંગથી પણ રહીશોએ વિશેષ સાવધ રહેવાની અનિવાર્યતા છે. સેકટરોમાં સ્થાનિકોમાં ફફડાટ પ્રવર્તયો છે. તોફાની અને હુમલાખોર વાનરોને પાંજરે કેદ કરવા માટે વનતંત્ર ત્વરિત પગલા હાથ ધરે તેવી પણ માંગ ઉઠવા પામી છે. સેકટરની મહીલા અને પુરુષને ગંભીર ઈજા

**નગરના નવા અને જુના સેકટરોમાં વાનર ગેંગનો આતંક : રોજબરોજ રહેણાંક વિસ્તારમાં પણ વાંદરાઓની ટોળકી તોફાન મચાવે છે : રહીશો તોબા પોકારી ગયા છે : સે-૨૯ માં એક મહીલા અને પુરુષને બચકા ભરી લોહીયાળ ઇજા કરી : તોફાની અને હુમલાખોર વાનરોને પાંજરે કેદ કરવા ત્વરિત પગલા લેવાય તેવી સ્થાનિકોની માંગ**

અવારનવાર આતંક મચાવતી વાનર ટોળકીના લીધે નાગરિકાને લોહીયાળ ઈજા થતી હોવાના કીસ્સા પણ અનેકવાર ધ્યાને આવે છે. સે-૨૯ માં પણ ઘણાં સમયથી વાનરા આતંક વધી ગયો છે. છેલ્લા બે દિવસમાં એક હુમલાખોર વાનરે બે વ્યકિતઓને બચકા ભરી લોહીથી લથબથ કરી દેતા થઈ છે. આ ઘટનાના લીધે બાળકો અને મહીલાઓમાં પણ વિશેષ ભયની લાગણી વ્યાપી છે.

શહેરના સેકટરોમાં વાંદરાઓનો ત્રાસ છેલ્લા કેટલાક સમયથી વધી ગયો છે. સેકટરોમાં મકાનોના ધાબે તેમજ છત પર ઉછળકુદ કરતા વાનરોની ગેંગના લીધે સ્થાનિકોમાં રોજબરોજ ફફડાય પ્રવર્તે છે. નવા સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ રોજબરોજ વાંદરાઓની ગેંગ તોફાને ચઢતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. વાદરાઓ રહીશોના ઘરમાં પણ ઘુસી જાય છે જયારે મકાનના કમ્પાઉન્ડમાં પણ ફુલછોડને ઉખાડી કીંમતી ચીજવસ્તુઓને પણ નુકશાન કરતા હોવાની ફરિયાદો વધી છે. સેકટરોમાં ઘણીવાર તોફાને ચઢેલા વાનરોના લીધે રહીશોએ કલાકો સુધી ઘરમાં કેદ થઈને રહેવુ પડતુ હોવાના પણ કીસ્સા છે. જયારે તોફાની વાનર ગેંગના લીધે અનેકવાર સ્થાનિકોને લોહીયાળ ઈજા પણ થાય છે. શહેરના સે-૨૯ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી તોફાની વાંદરાઓનો આતંક એટલી હદે વધી ગયો છે કે સ્થાનિકો ઘરની બહાર નિકળતા પણ ભય અનુભવે છે. છેલ્લા બે દિવસમાં એક હુમલાખોર વાનરે બે વ્યકિતઓને બચકા ભરી લેતા

● અનુસંધાન પાન-૭ પર



સાથી હાથ બઢાના... જીવનમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવે પરંતુ જો કોઈ આવું એકાદ વાક્ય કહે કે ખભા પર હાથ મુકીને કહે કે 'તું ચિંતા ન કરીશ... સારા વાના થશે... તો મુશ્કેલીઓનો પહાડ નાનો લાગવા માંડે છે. શહેરના એક વિસ્તારમાં ઝડપાયેલી આ તસ્વીર જીવનમાં આવતી નાની-મોટી મુશ્કેલીઓને સાથે મળીને કેવી રીતે ઉકેલી શકાય તે દર્શાવે છે. ઘઉં દળાવવા માટે જતી મોટી બહેનની પેડલ સાઈકલને નાના ભાઈ-ભાંડુઓ ધક્કો મારી તેનો ભાર હળવો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે....

# સે. ૨૪ના અન્નોત્સવ કાર્યક્રમમાં હોબાળો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સે. ૨૪માં આજે યોજાયેલ અન્નોત્સવ કાર્યક્રમમાં ભાજપના ઉમેદવારોની હાજરીને લઈ ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. કોંગ્રેસના કાર્યકરો શાળાએ પહોંચી જતા ભાજપના મનપાના ઉમેદવારોને કાર્યક્રમમાંથી રવાના કરવાની ફરજ તંત્રને પડી હતી.

કોંગ્રેસના ઉમેદવાર અંકિત બારોટ અને અન્ય કાર્યકરોએ કાર્યક્રમના સ્થળની પસંદગી અને કાર્યક્રમમાં ઉમેદવારની હાજરીને લઈ હોબાળો મચાવ્યો હતો અને કાર્યક્રમ અટકાવી દેવાની ચીમકી પણ કાર્યકરોએ આપી હતી.

કોંગ્રેસના કાર્યકરોને અટકાવવા માટે પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને સરકારી અધિકારીઓએ પણ કોંગી કાર્યકરોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. વિવાદ વધતાં પ્રાંત અધિકારી સ્થળ પર પહોંચ્યા હતા. જો કે આ દરમ્યાન ભાજપના ઉમેદવારો સ્થળ છોડી રવાના થઈ ગયા હતા.

કોંગી કાર્યકરોએ આ કાર્યક્રમ ભાજપનો હોવાની છાપ ઉભી કરવાના પ્રયાસને લઈ વિરોધ કર્યો હતો. કોંગ્રેસે અધિકારીઓને પોતાની મર્યાદામાં રહીને કામ કરવા માટે ચીમકી આપી છે.

# ૮મી સુધી હળવા વરસાદી ઝાપટાં ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૮મી ઓગષ્ટ સુધી હળવા વરસાદી ઝાપટા ચાલુ રહેશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર દ્વારા દર સપ્તાહે જારી કરવામાં આવતા કૃષિ સલાહ બુલેટીન અને હવામાન પૂર્વાનુમાનમાં આ સંભાવના જણાવાઈ છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે તા. ૪ થી ૮ ઓગષ્ટના પાંચ દિવસ દરમ્યાન આકાશ મોટા ભાગે વાદળછાયુ રહેશે અને હળવો વરસાદ જિલ્લામાં થશે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૯-૩૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૩ થી ૮૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૯ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ખેડૂતોને માર્ગદર્શન આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે વાવણી કરેલા પાકમાં વરાપ થયેથી નિંદામણ અને આંતર ખેડ કરવી તેમજ ભલામણ મુજબ ખાતરનો હપ્તો આપવો. પાકની નિયમિત દેખરેખ રાખવાની પણ સલાહ આપવામાં આવી છે. દરમ્યાન આજે દિવસ દરમ્યાન દહેગામ-ગાંધીનગરમાં હળવા વરસાદી ઝાપટા નોંધાયા હતા. દહેગામ તાલુકામાં પહેલીવાર ૩જી ઓગષ્ટ સુધીમાં વાવણીલાયક વરસાદ થયો નથી. આજે સાંજના ૬ વાગ્યા સુધીમાં હળવા ઝાપટાઓ સાથે ૧૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

# એસટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે સીસી કેમેરા પણ બંધ.!!

## જાણભેદુ ગઠીયાઓને મોકળુ મેદાન મળ્યું : મુસાફરોમાં પણ ભયની લાગણી : પોલીસ ચોકીના અભાવ વચ્ચે ગઠીયાઓ ગમે ત્યારે મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે

ગાંધીનગર તા ૩

નગરના હાર્દસમા વિસ્તારમાં ધમધમતા એસ ટી ડેપો સંકુલમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સી સી કેમેરા પણ બંધ હાલતમાં છે. જેના લીધે મુસાફરોની સલામતી સામે મોટુ જોખમ ઉભુ થયુ છે. ડેપો સંકુલમાં મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરતા ગઠીયાઓને મોકળુ મેદાન મળ્યુ છે. સ્માર્ટ સીટીના ડેપોમાં ધોળા દિવસે મુસાફરોના ખિસ્સા કપાય છે છતા લાંબા સમયના અંતે પણ પોલીસ ચોકી કાર્યરત થઈ નથી.

શહેરના એસ ટી ડેપોમાં મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. આ માટે લાંબા સમયથી રજુઆત કરવા છતા ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત થઈ નથી જેના લીધે જાણભેદુ ગઠીયાઓને મોકળુ મેદાન મળ્યુ છે. આજે પણ કોઈ ગઠીયાએ એસ ટી ડેપોમાં મુસાફરના ખિસ્સામાંથી રોકડ રકમ તેમજ મોબાઈલ સેરવી લેતા આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. છેલ્લા એક દાયકાથી ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે અવારનવાર મુસાફરોએ રજુઆત કરી છે. જયારે સ્થાનિક અગ્રણીઓ તેમજ સંસ્થાઓ દ્વારા પણ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે માંગણી કરવામાં આવી છે. ગત વર્ષે આ સ્થિતિને ધ્યાને લઈ ડેપો કક્ષાએથી ગેટ નં -૨ પાસે પોલીસ ચોકી કાર્યરત કરવા માટે જગ્યા ફાળવવાનો પણ નિર્ણય લેવાયો હતો પરંતુ પોલીસ તંત્રએ નિરસતા દાખવતા હજુ સુધી ડેપો સંકુલમાં પોલીસ પહેરો જોવા મળતો નથી. ગાંધીનગર ડેપોમાં રોજબરોજ બહારગામથી આવતા સંખ્યાબંધ મુલાકાતીઓના લીધે બહારગામના રૂટોની બસમાં પણ ભીડ જોવા મળે છે. જયારે આગામી દિવસોમાં ડેપોનુ રીનોવેશન પણ હાથ ધરવામાં આવનાર છે. આવા સંજોગોમાં ડેપો સુંકુલમાં સી સી કેમેરા પણ બંધ હાલતમાં છે. જયારે પોલીસ ચોકી પણ નથી. ડેપોમાં અવારનવાર મુસાફરો ચોરી તસ્કરીનો ભોગ બને છે. પરંતુ પોલીસ ચોકીનો મુદ્દો છેલ્લા એક દાયકાથી અધ્ધરતાલ છે. પાટનગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ હોવાથી મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. જેના લીધે ડેપો સંકુલમાં પણ મુસાફરોની અવરજવર વધુ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે. પાટનગરના હાર્દસમા વિસ્તારમાં રોજબરોજ મુસાફરો ચોરીનો ભોગ બને છે. છતા કોઈ પગલા લેવાતા નથી.

# વાદળિયું વાતાવરણ મચ્છરો માટે ફેવરેબલ સેકટરોમાં વધતો મચ્છરોનો ઉપદ્રવ

## સફાઇ અને દવા છંટકાવ સહીતની કામગીરી અનિવાર્ય મેલેરિયા અને ડેન્ગ્યુના કેસ પણ વધી રહ્યા છે

ગાંધીનગર તા ૩

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનો સુસ્તી અને બેચેની અનુભવી રહ્યા છે. આકાશી નઝારો યથાવત છે. જયારે વરસાદ ક્યારેક હાઉકલી કરીને અદ્રશ્ય થઈ જાય છે સતત વાદળિયુ વાતાવરણ મચ્છરો માટે ફેવરબેલ રહેતા સેકટરવાસીઓ પર મેલરિયા ડેન્ગ્યુના રોગચાળાનો ખતરો મંડરાયો છે. વાદળિયા વાતાવરણના લીધે સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ત્યારે સફાઈ અને દવા છંટકાવની અસરકારક કામગીરી હાથ ધરાય તેવી માંગ પણ સેકટરવાસીઓ કરી છે.

શહેરમાં સતત વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. એકબાજુ આકાશમાં રોજબરોજ વરસાદી વાદળો ઘેરાય છે. પરંતુ મેઘરાજા મનમુકીને વરસતા નથી. વાદળિયા વાતાવરણ વચ્ચે કયારેક વરસાદી છાંટણા વરસે છે. બીજીતરફ વાદળિયા વાતાવરણ વચ્ચે સર્જાયેલા ભીંજારાથી સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી નજરે પડે છે. સેકટરોમાં કાદવ કીચ્ચડ વચ્ચે કેટલાક ઠેકાણે પાણીના ખોબોચિયા ઉભરાતા નજરે પડે છે. સેકટરોમાં ઘાસ અને બિનજરૂરી વનસ્પિત પણ ઉગી નિકળી છે. જેના લીધે જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે. સતત વાદળિયા વાતાવરણના લીધે સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. વાદળિયુ વાતાવરણ મચ્છરા માટે આમ પણ ફેવરેબલ છે. ત્યારે છેલ્લા ઘણાં સમયથી વરસાદની ગેરહાજરી વચ્ચે વાદળિયા વાતારણથી મચ્છરોનો ઉપદ્રવ પણ સેકટરોમાં વધ્યો છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં હજુ સુધી મચ્છરોને ડામવા માટે કોઈ નક્કર કામગીરી થઈ નથી. એકબાજુ સ્વચ્છતા અભિયાન પણ સઘન બનાવાની અનિવાર્યતા છે. સેકટરોમાં મેલેરીયા અને ડેન્ગયુના ના કેસ ધીમે ધીમે વધી રહ્યા છે. જયારે સતત વાદળિયુ વાતાવરણ મચ્છરો માટે પણ ફેવરેબલ બન્યુ છે. જેના લીધે આગામી દિવસોમાં મેલેરિયા અને ડેન્ગ્યુના રોગચાળો જોર પકડે તેવી દહેશત પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે. મેલેરિયા અને ડેન્ગયુના રોગચાળાને અટકાવવા માટે સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ ડામવા સફાઈ અને દવા છંટકાવ સહીતના અસરકારક પગલા લેવાય તે પણ અનિવાર્ય છે. જયારે વરસાદી પાણીના ખોબોચિયા ઉભરાતા હોય તેવા સ્થળે પણ વિશેષ તકેદારી રાખીને દવાનો છંટકાવ થાય તેવી માંગણી પણ સ્થાનિક રહીશોએ કરી છે.

# સીરો સર્વેલન્સ માટે તંત્ર દ્વારા ૫૦ ટીમોની રચના કરી દેવાઈ

## કલસ્ટરો પણ નિયત કરાયા : શહેર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં સીરો સર્વે માટેની તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરાઈ છે. આજે આ સર્વે માટે ૫૦ ટીમોની રચના પણ કરી દેવામાં આવી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાં સર્વેલન્સ માટે ૯, ગાંધીનગરમાં ૧૬, કલોલમાં ૧૬ અને માણસામાં ૯ ટીમો બનાવવામાં આવી છે.

આ માટેના ૫૦ કલસ્ટરો પણ નિયત કરી દેવામાં આવ્યા છે. જેમાં કલોલ અર્બનના પાંચ, દહેગામ અર્બનનું એક, માણસા અર્બનના બે તેમજ અન્ય કલસ્ટરો ગ્રામ્ય વિસ્તારમાં બનાવવામાં આવ્યા છે.

એક કલસ્ટરમાંથી ૩૬ લોકોના નમુના મેળવી અને તેનુ પૃથ્થકરણ થયા બાદ આખો અહેવાલ તૈયાર થશે. તંત્ર દ્વારા આ માટે તાલિમનું આયોજન પણ કરી દેવામાં આવ્યું છે.

આ સીરો સર્વેથી લોકોમાં હર્ડ ઈમ્યુનીટી કેટલી ડેવલપ થઈ છે તે જાણી શકાશે. રાજ્યમાં બીજા તબક્કાનો આ સીરો સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. ૧૧મી ઓગષ્ટથી ૨૦મી ઓગષ્ટ સુધીમાં આ અંગેના સેમ્પલ લેવામાં આવશે.

દરમ્યાન શહેર અને જિલ્લામાં આજે પણ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લામાં જે ૪ દર્દીઓ સારવાર હેઠળ હતા તેમને પણ ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યુ છે.

જિલ્લાનો ગ્રામ્યવિસ્તાર કોરોનામુક્ત બનવા તરફ આગળ વધી રહેલ છે. શહેરમાં આજે સત ત્રીજા દિવસે પણ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

# જિલ્લામાં બીજા તબક્કામાં ખેડૂતો કઠોળ પાકની વાવણી તરફ ઝુક્યા

ગાંધીનગર, તા. ૩

જિલ્લામાં વરસાદની ખેંચ ચાલી રહી છે ત્યારે વાવેતર પેટર્નમાં બદલાવ સાથે ખેડૂતોએ નવી વાવણીનો આરંભ કર્યો છે.

જિલ્લામાં ખરીફ ઋતુનું ૫૦ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે હવે ખેડૂતો દ્વારા કઠોળ પાકોની વાવણી તેમજ દિવેલા, ગુવાર અને શાકભાજીના વાવેતર પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

મળતી વિગતો પ્રમાણે મગનું વાવેતર ૧૦૮૩ હેક્ટરમાં સંપન્ન થયુ છે. મઠનું વાવેતર ૩૫૬ હેક્ટરમાં થયુ છે જે જિલ્લાની ત્રણ વર્ષના સરેરાશ વાવેતર કરતાં બમણાથી પણ વધુ છે. અડદનું વાવેતર પણ ૧૨૪૩ હેક્ટરમાં નોંધાયુ છે જે ત્રણ વર્ષના સરેરાશ વાવેતર કરતાં ત્રણ ગણુ વધારે થવા પામ્યુ છે. જિલ્લામાં અન્ય કઠોળના પાકોનું ૪૫ હેક્ટરમાં વાવેતર થયુ છે. મકાઈની ખેતી પણ ૧૨ હેક્ટરમાં નોંધાઈ છે.

જિલ્લામાં દિવેલાનું વાવેતર ૫૭૭૪ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૨૧૪૧ હેક્ટરમાં અને શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૬૬૯ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં વરસાદ થયા પછી ૧૧ ટકા જેટલા વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. જિલ્લામાં હજુ વરસાદની ખેંચ છે જો કે ખેડૂતોએ મૂંગા પશુધન માટે ૨૩ હજાર હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર કર્યુ છે. જિલ્લામાં વાવેતરના બીજા તબક્કામાં ખેડૂતો દ્વારા કઠોળ પાકોના વાવેતરમાં વધારે રસ દાખવ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં દહેગામમાં ૨૦,૧૨૧ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૨૫,૧૧૭ હેક્ટરમાં, કલોલમાં ૧૦,૬૩૨ હેક્ટરમાં, માણસામાં ૨૦,૬૬૩ હેક્ટરમાં મળી ૮૬,૭૨૩ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com